DEVELOPMENTAL DISABILITIES ADMINISTRATION (DDA)

# ઉંમર વર્ષ ચાર (4) પાત્રતા અવધિ પૂરી થવાની સૂચના

## Notification of Age Four (4) Eligibility Expiration

ક્લાયંટનું નામ અને સરનામુ

પ્રતિનિધિનું નામ અને સરનામુ

**સંદર્ભ: ઉંમર વર્ષ ચાર (4)** પાત્રતા અવધિ પૂરી થવાની સૂચના

તમારૂં બાળક હાલમાં ડેવેલપમેન્ટલ ડિસૅબિલિટીઝ ઍડમિનિસ્ટ્રેશન (DDA) નું ક્લાયંટ છે. તે/તેણી તેના/તેણીના જન્મ-થી-ત્રણ વર્ષ (બર્થ-ટૂ-થ્રી) કાર્યક્રમમાં અથવા મેડિકલી ઇન્ટેન્સિવ ચિલ્ડ્રન્સ પ્રોગ્રામ (તબીબી દૃષ્ટિએ તીવ્ર મદદની જરૂરિયાત ધરાવતા બાળકો માટેના કાર્યક્રમ)માં નોંધણી કરાવવાના કારણે પાત્ર બન્યા હોઈ શકે છે. તમારા બાળકની DDA સાથેની પાત્રતાની અવધિ તેના ચોથા જન્મદિવસે પૂરી થઇ જાય છે. તમારૂં બાળક, સાથે જોડેલ આવશ્યક દસ્તાવેજ કોષ્ટક (રિક્વાયર્ડ ડૉક્યુમેન્ટેશન ટેબલ)માં નિર્દિષ્ટ સ્થિતિઓમાંથી એકના કારણે ફરીથી પાત્ર નિર્ધારિત થવું જોઈએ.

**ફરીથી અરજી કેવી રીતે કરવી:**

એક રિ-એપ્લિકેશન પેકેટ (ફરીથી અરજી કરવા માટેનું પેકેટ) મેળવવા માટે તમારા બાળકના ચોથા જન્મદિવસના ઓછામાં ઓછા 90 દિવસ અગાઉ DDA ઇનટેક એન્ડ એલિજિબિલિટી (કાર્યક્રમમાં દાખલ કરવા અને પાત્રતા) કર્મચારીઓનો સંપર્ક કરો. આ તમે લેખિત રૂપે અથવા નીચે આપેલ નંબર પર ફોન કરીને કરી શકો છો. તમને ટપાલમાં એક એપ્લિકેશન પેકેટ મોકલી આપવામાં આવશે. તમે એપ્લિકેશન માટેના દસ્તાવેજો આ સાઇટ પર જઈને પણ મેળવી શકો છો https://www.dshs.wa.gov/dda/consumers-and-families/eligibility.

**હું ફરીથી અરજી ન કરૂં તો શું?**

જો તમે રિએપ્લિકેશન પેકેટની માંગણી નહીં કરો અથવા જો તમે એપ્લિકેશન તમારા બાળકની DDA સાથેની પાત્રતા તેના/તેણીના ચોથા જન્મદિવસે પૂરી થાય તેના ઓછામાં ઓછા 60 દિવસ પહેલા નહીં મોકલાવો, તો તેના/તેણીના ચોથા જન્મદવિસે તેની/તેણીની પાત્રતા પૂરી થઇ જશે. જો તમારા બાળકને DDA પાસેથી કોઈ કિંમત ચૂકવાતી સેવા મળતી હશે, તો આ સેવા તેના/તેણીના ચોથા જન્મદિવસે બંધ થઈ જશે.

**DDA પાત્રતાની અવધિ પૂરી થવાની ખાસ શિક્ષણ કાર્યક્રમો (સ્પેશ્યલ એજ્યુકેશન પ્રોગ્રામ્સ)માં સહભાગિતા અથવા SSI પાત્રતા પર કોઈ અસર પડશે નહીં. તેની તમે મેળવતા હો તેવી DSHSની કોઈ પણ બીજી સેવા જેમ કે મેડિકેઇડ, TANF અથવા ફૂડ સ્ટેમ્પ્સ પર કોઈ અસર પડશે નહીં.**

કૃપા કરી શક્ય એટલી ઝડપથી જવાબ આપસો, પણ તે તમારા બાળકના ચોથા જન્મદિવસના ઓછામાં ઓછા 90 દિવસ પહેલા તો હોવો જ જોઈએ. જો અમને તમારો કોઈ પ્રતિભાવ નહીં મળે, તો અમે ધારી લઈશું કે તમે DDA સાથે તમારા બાળકની પાત્રતા ચાલુ રાખવા માંગતા નથી. ચાર (4) વર્ષની ઉંમર સુધીમાં કોઈ પાત્ર સ્થિતિના યોગ્ય દસ્તાવેજો વિના તમારા બાળકની DDA પાત્રતાની અવધિ અને DDA સેવાઓ તેના/તેણીના ચોથા (4થા) જન્મદિવસે પૂરી થઈ જશે.

જો તમને કોઈ પ્રશ્ન હોય અથવા તમે પેકેટની માંગણી કરવા માંગતા હો, તો કૃપા કરી આમનો સંપર્ક કરો

| નામ | ટેલિફોન નંબર | ઈ-મેલ એડ્રેસ |
|---|---|---|
| | | |

પાત્રતાને સંચાલિત કરતા નિયમોની એક નકલ માંગણી કરવાથી મળી શકશે અથવા અહીંથી ઑનલાઇન મળી શકશે https://www.dshs.wa.gov/dda/consumers-and-families/eligibility.

નકલ: ક્લાયંટ ફાઇલ

**જરૂરી દસ્તાવેજોનું કોષ્ટક**

| અક્ષમતા સ્થિતિ | ઉંમર | નિદાન | નિદાન કરનાર | અન્ય રેકૉર્ડ્ઝ |
|---|---|---|---|---|
| મોડો વિકાસ | ઉંમર 4 થી 9 વર્ષ | મોડો વિકાસ | કોઈ વ્યાવસાયિક જેમની પાસે વિકાસ સંબંધી મૂલ્યાંકનો અને આકારણીઓ કરવાની લાયકાત હોય | ઉંમર 4 વર્ષથી 9 વર્ષ – ત્રણ અથવા વધુ રીતે મોડો વિકાસ -1.5 SD અથવા 25 % ક્રમિક ઉંમર પાછલાં 12 મહીનામાં હાલનું હોય તેવા મૂલ્યાંકનના આધારે. |
| તબીબી દૃષ્ટિએ તીવ્ર | જન્મથી 17 વર્ષ સુધી | | | તબીબી દૃષ્ટિએ તીવ્ર જરૂરિયા ધરાવતા બાળકોના કાર્યક્રમને પાત્ર. |
| બૌદ્ધિક અક્ષમતા | ઉંમર 4 વર્ષ અને વધુ | બૌદ્ધિક અક્ષમતા (ભૂતકાળમાં માનસિક પછાતપણુ – રિટાર્ડેશન કહેવાતું) | કોઈ લાયસન્સધારક સાયકોલૉજિસ્ટ, વૉશિંગ્ટન સર્ટિફાઇડ સ્કૂલ સાયકોલૉજિસ્ટ અથવા અન્ય સ્કૂલ સાયકોલૉજિસ્ટ જેને સ્કૂલ સાયકોલૉજિસ્ટ્સના રાષ્ટ્રીય સંગઠને પ્રમાણિત કર્યા હોય | મધ્યમાનથી 2 માનક વિચલનો નીચેના પૂર્ણ-સ્કેલ આઈક્યૂ સ્કોર સહિતનો રિપોર્ટ સહિત પૂરો માનસિક રિપોર્ટ, જેમાં ગ્રહણશીલ કૌશલોના પરીક્ષણનો સ્કોર મધ્યમાનથી બે માનક વિચલનો નીચેનો હોય. |
| સેરેબ્રલ પાલ્સી | ઉંમર 4 વર્ષ અને વધુ | સેરેબ્રલ પાલ્સી<br>ક્વૉડ્રિપ્લેજિયા<br>હેમીપ્લેજિયા<br>ડાઇપ્લેજિયા | લાઇસન્સધારી ફિઝિશ્યન | 3 વર્ષની ઉંમર પહેલા શરૂઆત, અને એ બાબતનું સમર્થન કરતી માહિતી કે દરરોજ બે અથવા વધુ બાબતો માટે (શૌચક્રિયા, સ્નાન, ભોજન, તૈયાર થવું, હલન-ચલન, અથવા સંચાર) સીધી શારીરિક સહાયની જરૂર છે. |
| એપિલેપ્સી (વાઈ) | ઉંમર 4 વર્ષ અને વધુ | એપિલેપ્સી અથવા ખેંચ આવવાનો રોગEpilepsy or Seizure disorder | બોર્ડ દ્વારા પ્રમાણિત ન્યૂરોલૉજિસ્ટ | તબીબી ઇતિહાસ અને ન્યૂરોલૉજિકલ પરીક્ષણો પર આધારિત નિદાન, અનિયંત્રિત અને નિરંતર અથવા વારંવાર ખેંચ આવવાની કોઈ ફિઝિશ્યન અથવા ન્યૂરોલૉજિસ્ટ પાસેથી પુષ્ટિ, અને ગ્રહણશીલ કૌશલોનું પરીક્ષણ જે ગ્રહણશીલ કાર્યોમાં મધ્યમાનથી બે માનક વિચલનો નીચેની સ્થિતિમાં ખૂબ મર્યાદિત હોવાનું દર્શાવે. |
| ઑટિઝમ<br>(DSM-IV પ્રમાણે) | ઉંમર 4 વર્ષ અને વધુ | ઑટિઝમ અથવા DSM-IV પ્રમાણે ઑટિસ્ટિક ડિસઑર્ડર 299.00 | કોઈ લાઇસન્સધારી સાયકોલૉજિસ્ટ, કોઈ ઑટિઝમ અથવા ડેવેલપમેન્ટ સેન્ટર સાથે સંકળાયેલ એડવાન્સ્ડ રજિસ્ટર્ડ નર્સ પ્રેક્ટિશ્નર (ARNP) અથવા બોર્ડ દ્વારા પ્રમાણિત ન્યૂરોલૉજિસ્ટ, સાઇકિયાટ્રિસ્ય, અથવા ડેવેલપમેન્ટલ અને બિહેવિયરલ પીડિયટ્રિશ્યન | DSM-IV પ્રમાણે પૂર્ણ મૂલ્યાંકન જે સામાજિક, ભાષા, સંચાર કૌશલો અથવા ચિહ્નો અથવા કલ્પનાશીલ રમતમાં 3 વર્ષની પહેલા મોડાપણા અથવા અસામાન્ય કાર્યના લક્ષણો બતાવે છે, અને ગ્રહણશીલ કૌશલોનું પરીક્ષણ જે ગ્રહણશીલ કાર્યોમાં મધ્યમાનથી<br>બે માનક વિચલનો નીચેની સ્થિતિમાં ખૂબ મર્યાદિત હોવાનું દર્શાવે. |
| ઑટિઝમ સ્પેક્ટ્રમ ડિસઑર્ડર<br>(DSM-IV પ્રમાણે) | ઉંમર 4 વર્ષ અને વધુ | DSM-5 પ્રમાણે ઑટિઝમ સ્પેક્ટ્રમ ડિસઑર્ડર 299.00 જેમાં બંને કૉલમોમાં તીવ્રતા સ્તર 2 અથવા 3નો સમાવેશ થાય છે | કોઈ લાઇસન્સધારી સાયકોલૉજિસ્ટ, કોઈ ઑટિઝમ અથવા ડેવેલપમેન્ટ સેન્ટર સાથે સંકળાયેલ એડવાન્સ્ડ રજિસ્ટર્ડ નર્સ પ્રેક્ટિશ્નર (ARNP) અથવા બોર્ડ દ્વારા પ્રમાણિત ન્યૂરોલૉજિસ્ટ, સાઇકિયાટ્રિસ્ય, અથવા ડેવેલપમેન્ટલ અને બિહેવિયરલ પીડિયટ્રિશ્યન | DSM-IV પ્રમાણે પૂર્ણ મૂલ્યાંકન જે સામાજિક, ભાષા, સંચાર કૌશલો અથવા ચિહ્નો અથવા કલ્પનાશીલ રમતમાં 3 વર્ષની પહેલા મોડાપણા અથવા અસામાન્ય કાર્યના લક્ષણો બતાવે છે, અને ગ્રહણશીલ કૌશલોનું પરીક્ષણ જે ગ્રહણશીલ કાર્યોમાં મધ્યમાનથી<br>બે માનક વિચલનો નીચેની સ્થિતિમાં ખૂબ મર્યાદિત હોવાનું દર્શાવે.– અથવા – DSM-IV પ્રમાણે ઑટિસ્ટિક ડિસઑર્ડર 299.00ના બધા માનદંડ પૂરા કરતા હોય. |
| બૌદ્ધિક અક્ષમતા જેવી કોઈ અન્ય મગજની અથવા અન્ય સ્થિતિ | ઉંમર 4 વર્ષ અને વધુ | ન્યૂરોલૉજિકલ અથવા ક્રોમોઝોમ સંબંધી રોગ જેનાથી બૌદ્ધિક અને ગ્રહણ સંબંધી કૌશલોમાં કમી થઈ શકે છે | લાઇસન્સધારી ફિઝિશ્યન | મધ્યમાનથી 1.5 માનક વિચલનો નીચેનો પૂર્ણ-સ્કેલ આઈક્યૂ સ્કોર, અને ગ્રહણશીલ કૌશલોના પરીક્ષણનો સ્કોર મધ્યમાનથી બે માનક વિચલનો નીચેનો હોય. |

**નોટ: આ ફૉર્મ ફક્ત એક સામાન્ય માર્ગદર્શિકા છે અને શક્ય છે કે DDA વધારાની માહિતી અથવા મૂલ્યાંકનોની માંગણી કરે. આ દસ્તાવેજ પાત્રતા નિર્ધારિત કરવા પરત્વે પહેલું પગલું છે. DDA પાત્રતા WAC પ્રકરણ 388-823 પ્રમાણે નિર્ધારિત કરવામાં આવે છે.**